કચ્છી ભાષામાં પણ જૂનામાં જૂના કવિ
અચલગચ્છના જૈન મુનિવરો

# શ્રી નિત્યલાભજી અને શ્રી જયહર્ષજી

આ બંને મુનિઓનાં પ્રભુભક્તિનાં કાવ્યો પ્રભુની પ્રીતિ દર્શાવનારાં કચ્છી ભાષામાં મળે છે, તેનું ઐતિહાસિક મૂલ્ય ઘણું છે. જયહર્ષજી પણ અચલગચ્છના જ સાધુસમુદાયના હતા. આ બંને મુનિઓ મેકણ દાદાની પૂર્વે થઈ ગયેલા છે. સરખી ભાષા પરથી બન્ને કૃતિઓ ગુરુ–શિષ્યની અથવા એક જ કર્તાની ભાસે છે.

ગુજરાતી ભાષાનું પ્રથમ વ્યાકરણ બનાવનાર જેમ કુલમંડન ગણિ હતા, અર્થાત્ જૈનાચાર્ય ગુજરાતના પ્રથમ વ્યાકરણ–લેખક હતા. ગુજરાતી ભાષાના આદિ કવિ નરસિંહ મહેતા હતા એ માન્યતા પણ પ્રમાણથી અપુષ્ટ છે. જૈનાચાર્યોએ બનાવેલ રાસનાં કાવ્યો નરસિંહ મહેતાની પૂર્વે રચાયેલાં થોકબંધ મળે છે. ગુજરાતી ભાષા જેવો જ ઇતિહાસ કચ્છી ભાષામાં પણ જણાય છે. કારણ, મેકણ દાદાની પૂર્વે થઈ ગયેલા કવિઓની કૃતિઓ કવિના નામ સાથેની બહુ વિરલ કહેવાય તેવી છે. હવે આપણે એ બે કૃતિઓને જોઈએ.

## પાર્શ્વજિન સ્તવન

[ કચ્છી ભાષામાં ]

સુઘડ પાસ પ્રભુ રે, દરિસણ વેલડોની દિજ્જ;
દરિસણ તોજો લાખ ટકનજો, લાખ ટકનજો, લાખ ટકનજો રે.
કામણગારા તોજા નેણ, સુઘડ પાસ પ્રભુ રે,
દરિસણ વેલડોની દિજ્જ.
સાંઈ અસાંજો તું અંઇયેં, તું અંઇયેં, તું અંઇયેં રે. દરિસણ૦ ૧
મિઠુડા લગેંતા તોજા વેણ. સુઘડ પાસ૦
અધ થકી અસીં આવિયા, આવિયા, આવિયા રે;
સફલ જનમ થેયો અજ. સુઘડ પાસ૦ દરિસણ૦
મહેર કર જજ્જી મું મથે, મું મથે, મું મથે રે;
બાંહે ગ્રહેજી લજ્જ. સુઘડ પાસ૦ દરિસણ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિલ લગો મુંજો તો મથે, તો મથે; તો મથે રે;
થેઆસે વેંધો કીંહ. સુઘડ પાસ૦ દરિસણ૦
સજો ડીં તોકે સંભારીયાં, સંભારીયાં, સંભારીયાં રે;
મીંહ બાપીયડા જિંહ. સુઘડ પાસ૦ દરિસણ૦ ૩
જગમેં દેવ દિઠા જજા, દિઠા જજા, દિઠા જજા રે;
તેં મેં તું વડો પીર. સુઘડ પાસ૦ દરિસણ૦
અસીં વામાજીજે નંદ કે, નંદ કે, નંદ કે રે;
દરિસણે થેઆસું ખટ્ટી ખીર. સુઘડ પાસ૦ દરિસણ૦ ૪
ઘોરઝી વગા તો જે નાં મથા, નાં મથા, નાં મથા રે;
મુગતિજો દાતાર. સુઘડ પાસ૦ દરિસણ૦
થરજો ઠાકુર ભેટચો, ભેટચો, ભેટચો રે;
"નિત્યલાભ" જો આધાર,
દરિસણ વેલડોની દિજ્જ સુઘડ પાસ પ્રભજી. દરિસણ૦ ૫

o o o

હવે બીજું સ્તવન જાણે વાંસળી સાંભળીને અધીરી બનેલી ગોપિકાના ભાવો રજૂ કરતું હોય તેમ ભક્ત નારીના મનોભાવો રજૂ કરે છે. ભાષાનું સામ્ય બહુ છે. 'થર જો ઠાકુર ભેટચો' પરથી થરપારકરના પાર્શ્વનાથની સ્તુતિ આપણે જોઈ. હવે ભક્તની તાલાવેલી દર્શાવતું બીજું શ્રી જયહર્ષજીનું સ્તવન જોઈએ.

## પાર્શ્વનાથ સ્તવન

અમાં આંઉ નેહડો કંધી, ગોડીચે પેર વેંધી,
કેસરજો ઘોર ઘોરીંધી, વિગી આઉં પૂજા કુંધી.
ઇન વામાજીજો નીગરો એડો, એયો નાંએ જુગમેં તેડો,
અમાં આંઉ નેહડો કંધી. ૧

સરગ મરત પાતાલ જા, માડુ જજ્જા સેવિં પાય;
કામણગારો પાસજી આય લ, મુજે દિલમેં ભાય. અમાં૦ ૨
સર્પિ સર્યા જેરે બરંધા, દિનોજે નવકાર;
પાસજી જો નાલો ગની હુઆ, ઇંદ્ર ઇંદ્રાણી સાર. અમાં૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એઆ દેવ દિઠ્ઠા જજ્જા, દેવ ન કેડે કમ્પ;
તું નિરાગી ગતિ નિવારણ, અડે કર્મે જો દમ્મ. અમાં૦ ૪
જેડાં વિગ્ગા તેડાં ઈનકે ભજિયાં, જગમેં વડો પીર;
જે હર્ષજો સાંમી મલ્યો, ખીલ્લી હુઆ ખીર. અમાં૦ ૫

કચ્છ કલામના તંત્રી શ્રી માવજીભાઈ સાવલા મને લખે છે :

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પણ સૌથી પ્રાચીન દસ્તાવેજ પુરાવાઓ જૈન મુનિઓના સાહિત્યે પૂરા પાડયા છે. કચ્છી ભાષાનો ઇતિહાસ પણ આ હકીકતનું પુનરાવર્તન કરશે એમ અમે આપે મોકલેલ માહિતીને અધારે અને સામગ્રી પરથી પ્રથમ દષ્ટિએ લાગે છે. (આ પછી તંત્રીશ્રી હસ્તલિખિત પ્રત વિશે જિજ્ઞાસા દર્શાવે છે.)

સામાન્યતઃ એમ મનાય છે કે, કચ્છી સાહિત્યનો ઇતિહાસ, ઉપલબ્ધ માહિતીને આધારે, સંત મેકણ દાદાથી શરૂ થાય છે. પરંતુ આ પરંપરાગત માન્યતામાં ફેરફાર કરવો પડે એવા અન્ય કવિ (કે કવિઓ) અંગે લિખિત આધાર પ્રાપ્ત થયો છે એવું ઉપરનાં કાવ્યો સૂચવે છે.

અહીં 'નિત્યલાભજી' વિશે કંઈક મળતી માહિતી આપવા પ્રયત્ન કરું છું :

વિક્રમની અઢારમી શતાબ્દીના ઉત્તરાર્ધ કાળમાં થઈ ગયેલા એ કવિ છે. શ્રી નિત્યલાભજીની કૃતિ પાર્શ્વજિન સ્તવન જે કચ્છી ભાષામાં લખાયેલી તે આપણે પ્રથમ જ રજૂ કરી છે.

અંચલગચ્છાધિપતિ શ્રી વિદ્યાસાગરસૂરીશ્વરજીના વિજયરાજ્યમાં વાચક (ઉપાધ્યાયજી) સહજસુંદરગણિ શિષ્ય વાચકપંડિત નિત્યલાભગણિએ ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓ રચી છે, જે કૃતિઓનાં પ્રાપ્ત નામો આ પ્રમાણે છે: (૧) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન, (૨) શ્રી શીતલનાથ સ્તવન, (૩) શ્રી ગોડીપાર્શ્વજિન કચ્છી સ્તવન અને (૪) સદેવંત સાવળિંગા.

(ઉલ્લેખ શ્રી મોહનલાલ દલીચંદ મહેતા કૃત પ્રસિદ્ધ ગ્રંથ 'ગૂર્જર જૈન કવિઓ.' ભા. ૨, પૃષ્ઠ ૫૪૧ ઉપર કરવામાં આવેલો છે. અને કવિની સાહિત્યકાર તરીકેની પ્રતિભાની નોંધ લેવામાં આવેલી છે.)

એમની દરેક મોટી કૃતિમાં સ્થળ અને સંવતનો ઉલ્લેખ જોવા મળે છે, જે અનુસાર ઉપરોક્તમાંથી પ્રથમ બે રચનાઓ અનુક્રમે વિ. સં. ૧૭૭૬ અને ૧૭૯૧માં અંજાર ચાતુર્માસ રહીને કરાયેલી છે. એમની કૃતિ આ સાથે પ્રથમ રજૂ કરી છે, તે અંજારનિવાસી શ્રી સોમચંદ ધારશીએ સં. ૧૯૮૨માં છપાવેલ મહાકાય ગ્રંથ 'પંચપ્રતિક્રમણાદિ સૂત્રાણિ'માં પણ પ્રકાશિત થયેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોંધવા લાયક બાબતો એ છે કે, (૧) આ તેમ જ અન્ય કૃતિઓ મૂળ દેવનાગરી લિપિમાં લખાયેલી મળે છે. (૨) ઉક્ત ગણિશ્રીની કેટલીક કૃતિઓ કેટલાક કચ્છી જૈનોને જીભને ટેરવે રમી રહી છે. (૩) અહીં આપેલું સ્તવન કચ્છી ભાષામાં મળે છે.

આ કવિના વ્યક્તિગત જીવન વિશે કશું પણ જાણી શકાયું નથી. પરંતુ ઉપરોક્ત કચ્છી સ્તવનમાં જે ભાષા વપરાઈ છે—ખાસ કરીને 'અમાં,' 'સાંઈ,' 'પીર,' આદિ શબ્દો પ્રયોજાયા છે; જેમ કે, 'લાખ ટકનજો' તે, તેમ જ અન્ય વિશિષ્ટ ઉક્તિઓ એવા અનુમાન તરફ નિર્દેશ કરે છે કે કર્તા કચ્છના અથવા સિંધના થરપારકર પ્રદેશના હોય. એમના ચાતુર્માસ કચ્છમાં હોય અને ત્યાં એકથી વધુ રચના કરી હોય અને વિવિધ ગ્રંથોની પ્રતો લખી હોય તો તેઓ કચ્છના હોવાનો તર્ક વધુ મજબૂત બને છે. વળી 'થરજો ઠાકુર ભેટચો' એ થરપારકરમાં એમણે કરેલ નિવાસ નિઃસંશય સિદ્ધ કરે છે. કર્તા ગોડી પાર્શ્વનાથના પરમ ભક્ત છે. એમનો દળદાર સ્તવન ગ્રંથ ઘણા જ્ઞાનભંડારોમાં ઉપલબ્ધ છે, જેમાં ગુજરાતી, હિંદી અને કચ્છી સ્તવનો છે. કચ્છ ઉપરાંત સુરતમાં પણ તેમનો ચાતુર્માસનિવાસ વધુ રહેતો. ત્યાં પણ તેમણે રચનાઓ કરી છે તેના આધાર મળે છે.

કચ્છ કલામના તંત્રીશ્રી પોતાની નોંધમાં લખે છે: 'કચ્છ કલામ'ને માટે એ હર્ષની વાત છે કે, કચ્છી ભાષાનો એક ઐતિહાસિક અધ્યાય સર્વ પ્રથમ બહાર લાવનારું સંશોધન તેમાં પ્રગટ થાય છે. વિદ્વાન જૈન મુનિશ્રી પૂજ્ય કલાપ્રભસાગરજીના મૂલ્યવાન સંશોધનના પરિપાક સમી પ્રસ્તુત કચ્છી કૃતિ આમ તો સીધુંસાદું સ્તવન છે, તેમ જ જો કવિત્વની દૃષ્ટિએ તેની કક્ષા બહુ ઊંચી નથી, તેમ છતાં ભાષા-ઇતિહાસની દૃષ્ટિએ એનું મૂલ્ય છે. તેમ જ સરળતાનું વિશિષ્ટ સૌંદર્ય તેમ જ આર્જવભરી ભક્તિ એમાં અવશ્ય વિલસે છે. 'સુઘડ,' દરિસણુ,' 'વેલડોની' જેવા તળપદા શબ્દો અને 'લાખ ટકનજે,' 'તું વડો પીર,' 'થેઆસું ખલી ખીર,' 'ધોરજી વગાં તોજે નાં મથા' જેવા રૂઢિપ્રયોગો ખાસ ધ્યાનપાત્ર છે. 'મીંહ બાપીયડા જિંહ, (મેઘને ઝંખતા બપૈયાની જેમ) એ ઉપમા કવિત્વશક્તિની નિર્દેશક છે. એમ તો 'દરિસણુ વેલડોની ડિજ્જ' એ સીધો અભિગમ પણ હૃદ્ય છે.'

આ કાવ્યો ઉપર કચ્છ કલામમાં શ્રી પ્રભાશંકર ફડકેએ એક ચર્ચાપત્ર લખ્યું છે, તે અત્રે નોંધપાત્ર છે. શ્રી પ્રભાશંકર ફડકે પ્રશ્ન ઉઠાવે છે: નિત્યલાભ મુનિના નામે પ્રગટ થયેલાં એ બે કાવ્યોના કર્તા એક કે ભિન્ન? તે પછી ચર્ચાકાર લખે છે: માર્ચ '૭૬ અંકમાં મુનિશ્રી કલાપ્રભસાગરજીના સંશોધન દ્વારા સાંપડેલા 'વાચક નિત્યલાભ' મુનિનું એક કાવ્ય એમની પરિચયાત્મક નોંધ સાથે છપાયું હતું. બીજે મહિને એ જ કવિનું બીજું કાવ્ય 'કચ્છનો કવિતા વારસો'માં પ્રગટ થયું. મે અંકમાં કવિ શ્રી 'તેજ'નો પત્ર ચર્ચાપત્રમાં પ્રગટ થયો. બીજા કાવ્યની છેલ્લી પંક્તિમાં કરાયેલા 'જે હર્ષ' શબ્દના ઉલ્લેખનો નિર્દેશ કરીને જયહર્ષ નામના ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયેલા કવિની એ રચના હોવાનું જણાવ્યું. ઓગષ્ટ અંકમાં મુનિશ્રી કલાપ્રભસાગરજીએ આના ઉત્તરમાં ઉક્ત બેઉ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્યો એક જ પુસ્તકમાં પ્રગટ થયાં હોવાનું જણાવતાં ઉમેર્યું, 'જે હર્ષ' અંગેની ઐતિહાસિક માહિતી પ્રાપ્ત કરવાની બાકી છે.

ઉપરની ચર્ચામાંથી એક વાત ઊપસી આવે છે કે બન્ને રચનાઓના કર્તા એક હોવા કે જુદા હોવાની તરફેણમાં કોઈ સંગીન નિર્ણાયક આધાર જણાતા નથી. એવા આધારના અભાવમાં, એવું નિર્ણાયક તત્ત્વ કૃતિઓની અંદરથી જ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવા જેવો છે. કૃતિમાં વપરાયેલી ભાષા, રચનારીતિ જેવાં તત્ત્વો કૃતિના કર્તૃત્વ વિશે હમેશાં ઘણુંઘણું કહી દેતાં હોય છે. (કર્તાની જાણ કે ઇચ્છા બહાર પણ!)

આપણા પ્રશ્નસ્પદ કાવ્યોને આ રીતે તપાસીએ તો (૧) બંને કૃતિઓની ભાષામાં કશો ફરક નથી. તળપદી જૂની કચ્છી ભાષા બેઉમાં પ્રયોજાઈ છે. (૨) સિંધી ભાષા સાથેની નિકટતા બેઉમાં જોવા મળે છે. પહેલી કૃતિમાં 'ધોરજી વિગ્ગા,' 'સાંઈ,' 'ટકનજો,' 'મેહેર,' 'વડો પીર,' જેવા પ્રયોગો છે, તો બીજીમાં 'ગોડીયે પેર વેંધી,' 'દાતાર' જેવા શબ્દો છે. કવિ સિંધ કે થરના હોવાનો અથવા એમનો લાંબો નિવાસ થયાનો સંભવ સંશોધક મુનિશ્રીએ દર્શાવ્યો જ છે. (એક કૃતિમાં પોતામાં જ 'થરજો ઠાકુર' એવો પ્રયોગ થયો છે.) બે જુદા જુદા કવિઓ ઉપર આટલો બધો સમાન પ્રભાવ પડે ખરો?

ઉદાહરણ તરીકે નિત્યલાભના જ સમકાલીન 'મેકણ દાદા'ની રચનાઓમાં સિંધી શબ્દ-પ્રયોગો કે લઢણો આટલી માત્રામાં મળતાં નથી. (૩) બેઉમાં 'જજ્જા' (ઘણા) એ શબ્દ વપરાયો છે. એક જ સંદર્ભમાં સહેજસાજ ફરક સાથે એકના એક શબ્દો પ્રયોજાયા કહી શકાય તેવું છે.

(૪) પહેલા પદમાં 'જગમેં દેવ ડિઠા જજ્જા' અને બીજામાં 'બેઆ દેવા ડિઠા જજ્જા' કહેવાયું છે. 'કામણગારો,' 'ખલી ખીર,' 'વડો પીર' જેવા શબ્દો બેઉમાં વપરાયા છે. (૫) બેઉની રચના–ઘાટી એકસરખી જણાય છે. (૬) બન્ને કૃતિઓમાં રચના–કૌશલ એક જ કક્ષાનું છે.

ઉપરોક્ત પરીક્ષણ બે સંભાવનાઓ તરફ નિર્દેશ કરે: (૧) યા તો 'જયહર્ષ' નિત્યલાભ મુનિના અંતેવાસી શિષ્ય હોઈ શકે. જેથી નિત્યલાભજીની લેખનશૈલી એમણે આત્મસાત્ કરી હોય અથવા તો (૨) બન્ને કૃતિઓ નિત્યલાભજીની જ હોય. પણ પાછળથી થયેલ 'જે હર્ષ' એ પોતાના નામે ચલાવી હોય. જો કે આ બીજો વિકલ્પ વધુ સબળ લાગે છે.

કવિ શ્રી 'તેજ' 'પૂજ્ય મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી 'કવિતાવારસા વિભાગ'માં 'પાર્શ્વનાથ સ્તવન' જયહર્ષજીનું છે તે કયા આધારે કહી શકાય?' એમ લખે છે. તે બાબત જણાવવાનું કે 'ગોડી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ, (પૃ. ૭૬) માં આ રચના કર્તા 'જયહર્ષ'ને નામે પ્રગટ થયેલ છે. આ ગ્રંથ મારી પાસે છે. બાકી આ મુનિ જયહર્ષજી તપગચ્છના નહીં, પણ અચલગચ્છના હતા. આમ કચ્છી કાવ્યરચનાના ઇતિહાસમાં અચલગચ્છના આ બે જૈન મુનિઓ આદ્યકવિની ભૂમિકામાં પ્રકાશે છે. *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org